શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૭
અંક : ૧૨

## પ્રજાસતાકદિન

૨૬, જાન્યુઆરી ૧૯૫૦એ ભારત દેશના ઈતિહાસમાં ઘણો અગત્યનો દિવસ છે. આ દિવસે દેશનું બંધારણ અમલમાં આવ્યું હતું અને ભારત ખરા અર્થમાં સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું હતું. દેશે મહાત્મા ગાંધી અને હજારો સ્વતંત્ર સેનાનીઓ જેમણે સ્વાતંત્રય માટે પોતાનું સર્વસ્વ દેશને અર્પણ કર્યુ હતું તેમનું સ્વતંત્ર રાષ્ટ્રનું સ્વપ્ન ફળીભુત થતું જોયું. આ દિવસ ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે. રાજધાની દિલ્હીમાં આ ઉજવણી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર માટેના ઉદબોધનથી શરૂ થાય છે. ભાષણની શરૂઆત સ્વાતંત્ર સેનાનીઓ એ આપેલા બલીદાન તેમ જ શ્રધ્ધાંજલીથી થાય છે કે જેઓએ દેશના સ્વાતંત્ર્ય માટે સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું તથા રાષ્ટ્રની સંહિતા માટે લડયા હતા. રાષ્ટ્રપતિ મંચ પર આવી લશ્કરના જવાનોની યુધ્ધમાં દાખવેલ અજોડ બહાદુરી માટે ચંન્દ્રકો એનાયત કરે છે તથા ભારતના નાગરીકો કે જેમણે અસામાન્ય પરિસ્થિતિઓમાં બહાદુરીપૂર્વકનું કાર્ય કર્યુ હોય એમને સન્માનિત કરી તેમને પુરસ્કારો એનાયત કરે છે.

સ્વતંત્રતા માટે થયેલ કસોટીથી જોઈએ તો દેશ ગણતંત્રમાં બહુ જ સફળ રહયો તેમ ના કહી શકીએ પરંતુ સત્ય વાત એ પણ છે કે અસફળ પણ નથી.

આપણા દેશમાં કેટલીક સમસ્યાઓ પણ છે જેમાં બેરોજગારીથી દેશના યુવક યુવતીઓ અસંતોષ અને પરેશાની છે. દેશમાં જરૂરીયાત અનુસાર શિક્ષણમાં સુધારાઓ જરૂર થયા છે પરંતુ તેમાં વસ્તી નિયંત્રણએ પણ ઘણું સહાયકારક બની શકે છે. આતંકવાદની સામે લડાઈ ચાલી રહી છે. કાયમી ઉકેલ મેળવી શકાયો નથી. ભ્રષ્ટાચારની સમસ્યા લોકોને પરેશાન કરી રહી છે. તેને રોકવા માટે સમાજમાં ફરી નૈતિક મુલ્યોની સ્થાપના થાય તેવા પ્રયાસો જરુરી છે. મોંઘવારીએ પણ દેશમાં એક અનોખી સમસ્યા છે. કાળુ નાણું અને સંગ્રહખોરીથી મોંઘવારી વધે છે તો તેને પણ દુર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. આથી આપણે દેશના સૌ નાગરીકોએ સાથે મળી તમામ સમસ્યાઓના સમાધાન માટે પ્રયત્નશીલ થવું જોઈએ. સહીયારા હિંમત પૂર્વક પ્રયાસોથી જ ખરી સ્વતંત્રતા મળશે.

**– ટવીંકલ જોધાણી**

***સ્વતંત્રતા રાષ્ટ્રનો પ્રાણ છે, ગુલામી તેની શરમ છે.***

## હેલ્થકેમ્પ

ઉતમ કપાસની ખેતી માટેના કાર્યક્રમ અંતર્ગત ઉના તાલુકાના ઉમેજ ગામમાં ૧૫ ડીસેમ્બર૧૫ના રોજ સર્વરોગ અને નેત્રનિદાન કેમ્પ યોજાયેલ હતો. ઉતમ કપાસના કાર્યક્રમમાં કપાસની ખેતી સાથે જોડાયેલ તમામ વર્ગનું શિક્ષણ, આરોગ્ય અને આજીવિકામાં સુધારો આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ગામડામાં રહેલા સામાન્ય ખેડૂતો ઘણી વખત મોટી હોસ્પિટલો સુધી રોગના નિદાન માટે પહોંચી શકતા નથી આથી સ્થાનિક દર્દીઓને વિના મૂલ્યે નિદાન કરી આપવાના હેતુથી આ કેમ્પનું આયોજન કરેલ હતું. નેત્ર નિદાન કેમ્પ માટે રાજકોટથી ડો. બળવંત અને સર્વરોગ નિદાન માટે અમરેલીથી ડો. આનંદ એ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી. આજુબાજુના ગામના લોકો કેમ્પમાં જોડાય તે માટે કાર્યકરો દ્વારા પ્રચાર પત્રિકાઓ વહેંચવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂત આગેવાનોએ પણ લોકો સુધી સંદેશ આપ્યો હતો. કેમ્પના સ્થળ પર જરૂરી સાધનો તેમજ દર્દીઓને કોઈ પણ અગવડતા ન પડે તેની ખાસ કાળજી સંસ્થાના કાર્યકરોએ રાખી હતી તેમજ દર્દીઓ માટે ચા–પાણીની વ્યવસ્થા પણ કરી હતી. કેમ્પમાં કુલ ૧૫૭ દર્દી હાજર રહયા હતા. તેમાં ૨૧ મોતીયાના દર્દીને ઓપરેશન માટે રાજકોટ વિનામૂલ્યે સારવારમાં લઈ જવામાં આવ્યાં હતાં જયારે અન્ય દર્દીઓને આંખના ટીપા આપી સારવાર આપવામાં આવી હતી અને સર્વરોગ નિદાનમાં વાયરલ ફિવર અને શરદી ઉધરસના દર્દીઓને કેમ્પમાં જ સારવાર આપવામાં આવી, ગંભીર બિમારી વાળા દર્દીઓને યોગ્ય હોસ્પિટલમાં સારવાર લેવા માટે સલાહ અપાઈ હતી. આ કેમ્પમાં સહયોગી બનેલ તમામનો આભાર માની કેમ્પ પુર્ણ કરવામાં આવ્યો હતો.

### પાનખર

પાનખર ઋતુમા પાન ખરી ગયા,
વૃક્ષો છતાય સજીવ રહયા,
નવી મૌસમની રાહ જોઈએ,
આંખોમાંથી જાણે અમૃત વહી ગયા
ઝાડ એકલુ અટુલુ પડીને,
મન એને આપ્યુ હરીને
મન ઘણુ મકકમ રાખ્યો,
વિરહનો સ્વાદ કોણે ચાખ્યો
નવી ઋતુની રાહમા,
લઈ ગયુ બધુ એની લાહમા
વૃક્ષો પર પહેલા પશુ પક્ષી કિલ્લોલ કરતા,
ડાળીયો પર અહિયાવહિયા ફરતા
હવે પશુ નથી કે પંખી,
વેદનાનુ ઝરણુ ગયુ ઝંખી
ફરી આવશે નવી ઋતુઓનો અણસાર,
લાવશે વૃક્ષોનો નવો અવતાર

***હંસરાજ પેથાણી સભ્ય, એસએમસી ત્રંબોડા***

**_પ્રેમ પાપીઓને પણ સુધારી શકે છે._**

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો ગયા લેખમાં મજૂર અને બાળ મજૂરી વિશેની વાતો કરી હતી જે આપને ઉપયોગી થઈ હશે. આ લેખમાં પણ શિક્ષણને લઈને થોડી વાતો કરીએ.

મિત્રો, બીસીઆઈ પરિયોજના અતંર્ગત શિક્ષણના કામને પણ ખૂબ જ મહત્વનું ગણવામાં આવ્યું છે. ડીસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં કુલ ૩૪ ગામોમાં શિક્ષણને લઈને કામગીરી હાથ પર લેવાની છે. આ કામગીરી બે પ્રકારે કરવાનું વિચારીએ છીએ.

આ વખતે ખાંભા તાલુકાના આંબલીયાળા ગામની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે કામની મોસમમાં વિદ્યાર્થીની સ્કુલ છુટે છે. જેનાં કારણે તે વિદ્યાર્થી પાછળ રહી જાય છે અને ધોરણ મુજબની આવડત વિદ્યાર્થીમાં આવતી નથી. આ બાબતના ઉપાયમાં પ્રથમ નામની સંસ્થાના દ્વારા એક અભિયાન ચાલું કરવામાં આવ્યું છે. જે અભિયાનનું નામ છે. લાખોમાં એક. આ અભિયાન અંતર્ગત આપના ગામમા સ્વયં સેવક નકકી કરી અને જે વિદ્યાર્થી પાછળ રહી ગયા છે. તેની તાલીમ દ્વારા મુખ્ય ધારામા જોડવાનો અભિગમ છે. જેમાં ગામના લોકોનો સહયોગ ખુબ જ જરૂરી છે અને આશા રાખું કે દરેક ગામમાં લોકો ખુબ જ ખંતથી આ અભિયાનમા જોડાય તે ઈચ્છનીય છે. આ માટે જરૂરી સાહિત્ય સંસ્થાના કાર્યકરો ગામના સ્વયંસેવક સુધી પહોંચાડશે અને સ્વયં સેવકને અભિયાન સંબંધી માહિતી આપશે.

શિક્ષણના બીજા ભાગમા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું અને તેમાં જે વિદ્યાર્થી અગ્રતા ક્રમે આવે તેને પ્રોત્સાહીત કરવા. આ કાર્યક્રમ સ્કુલ કર્મચારી અને બાળકોના વાલીઓ ઉત્સાહ પૂર્વક સહયોગ આપે તે ખૂબ જ જરૂરી છે. આ પ્રતિયોગીતામા નીચેના મુદાઓ પર નિબંધ સ્પર્ધા કરવી તેવું વિચારેલ છે. ૧. બાળ મજુરી ૨. ટકાઉ ખેતી ૩. મારી સ્કુલ ૪. સફેદ સોનું કપાસ વગેરે જેવા મુદાઓ વિચારેલ છે. જેમાં આપના વિચારો પણ જણાવવા વિનંતી.

મિત્રો અગત્યની વાત કરૂ તો ગુલાબી ઈયળ એ ખેડુતોને પારવાર નુકશાન કર્યુ છે. બીજી અને ત્રીજી વિણીમાં કાળોકેર કર્યો છે. મિત્રો આવું શા માટે થયું ? આ બાબતે નિષ્ણાંતોનું કહેવું છે કે નોન બીટી બિયારણ બોર્ડર પાક તરીકે ના વાવવાના કારણે ગુલાબી ઈયળનો અટેક આવે છે. જેની વાતો આપણે તાલીમોમાં કરી છે. ઉપરાંત યુરીયા ખાતરના અતિરેકના કારણે વીણી મોડી આવે છે તેના કારણે પણ ગુલાબી ઈયળો એ ખુબ જ મોટું નુકશાન કર્યુ છે. ખેતી પધ્ધતિમાં બદલાવ લાવવાથી કપાસની તમામ જીવાતો પર નિયંત્રણ આસાનીથી મેળવી શકાય છે ડરવાની જરૂર નથી વિગતે વાતો આવતા અંકે કરીશું.

*ડી.એન.ઝાલા, (એસએસકેકે ધોકડવા)*

**જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે.**

## તાલીમ અને પ્રેરણા પ્રવાસ

સંસ્થાએ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળે તે બાબતોને ખેતી સાથે સાંકળી છે તેમાં પ્રથમ ખેડૂતોનો ઉત્પાદક સંઘ ખાંભા ખાતે ૨૦૦૬માં અવિરતના નામે કાર્યરત થયો.

ગયા વર્ષમાં ધારી તાલુકાના ગીર વિસ્તારને લાગીને આવેલા ગામોના ખેડૂતો ખેતીપાકોમાં ઝેરી જંતુનાશકોનો ખુબ ઓછો ઉપયોગ કરી રહયાનું જાણમાં આવતા આ પ્રકારના ઉત્પાદનો લોકોના આરોગ્ય માટે લાભદાયી હોય તેમને બજાર મળે તેવા પ્રયાસો સાથે નોન પેસ્ટીસાઈડઝ મનેજમેન્ટ તથા આંબાના બગીચાઓમાં ગુડ એગ્રકિલ્ચર પ્રકટેસીઝ જેવી પ્રવૃતિઓની સાથે સાથે ઉત્પાદક સંઘની રચના માટે ખેડૂતોએ રસ દાખવ્યો હતો. આ વર્ષમાં કપાસની ખેતી સાથે સંકળાયેલા જાફરાબાદ અને ઉના તાલુકાના ખેડૂતોએ પણ સંગઠનની રચનામાં રસ દાખવ્યો.

આ ત્રણ કલસ્ટરમાં ખેડૂત ઉત્પાદક સંગઠન બને તે માટે નાબાર્ડનો સહયોગ પ્રાપ્ત થયો.

ત્રણેય કલસ્ટરમાં આ સંગઠનની રચનામાં પ્રમોટર તરીકે આગળ આવેલા ખેડૂતોમાં સંગઠનમાં રહી પ્રવૃતિઓ હાથ ધરી શકાય તે માટે ૧૭ થી ૧૯ દરમ્યાન તાલીમ અને પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ત્રણેય કલસ્ટરના ખેડૂતો અમરેલી ખાતે સંસ્થા કાર્યાલયની મુલાકાતે આવ્યા. ખેડૂતો સાથે બેઠક કરી તાલીમ અને પ્રેરણા પ્રવાસના હેતુ અને જે તે સ્થળે શીખવાની બાબતો પર માહિતી આપી હતી. ત્રણેય કલસ્ટરના ખેડૂતોએ પરસ્પર તેમજ અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી.ના અનુભવો પર ચર્ચા કરી હતી. સાથે સાથે આ વર્ષમાં રચાયેલ ગીર ફાર્મસ પ્રોડયુસર કંપની લી. ના સુત્રધારો સાથે પણ ચર્ચા થઈ હતી અને સંગઠન રચનામાં થયેલ કાર્યવાહીની વિગતો મેળવી હતી. ખેડૂતોને સંગઠનને લગતા કોઈ પ્રશ્નો હોય તેનુ નિરાકરણ આવે અને તેનામાં સમજણ વધે તે હેતુથી આ તાલીમ અને પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. ઉના, જાફરાબાદ અને ધારી તાલુકાના ખેડૂતો જોડાયા હતાં.

નવસારી કૃષિ યુનિર્વસિટીમાં સંસ્થાનો પરિચય આપતા શ્રી કે. એ. શાહ (એગ્રોનોમી)એ જણાવ્યુ હતુ કે કૃષિ યુનિર્વસિટીના મુખ્ય કાર્યો જે ખેડૂતોને તાલીમો, નિદર્શનો આપવા (ડેમો પ્લોટ), વિસ્તરણ કાર્યકરો, અધિકારીઓને તાલીમ/ માર્ગદર્શનો આપવા, ખેતી કાર્યો, ખેડૂતોને કોઈ પ્રશ્નો હોય તો તેની માહિતી આપે છે. અહીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા કૃષિ યુનિવર્સિટીમાં દર વર્ષે ૨૦૦થી વધારે જુદી જુદી તાલીમો કરવામા આવે છે ૪૦,૦૦૦ ખેડૂતોને તાલીમો આપે છે.

કેળના થડના ઉપયોગથી થતી ઓર્ગેનીક દવા ફાયદાકરક છે એ વાત દ્વારા ખેડૂતોને ખાતરો, દવા, પાકની ફેરબદલી, બીટી અને નોન બીટી કપાસની સમજ તેમજ ગુલાબી ઈયળના

**અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.**

નુકશાનથી બચવાના ઉપાયો, જૈવિક ખાતરોથી ખેતીમાં થતા ફાયદાઓ, ઉંડી ખેડના ફાયદાઓ, ભલામણ મુજબ ખાતરો આપવા એ બાબતો પર સમજ આપવામાં આવી હતી.

શ્રી શિવમ ભટે બાગાયત પાકો પર ખેડૂતોને પાકને વધારે નુકશાન કરતી ચુસીયા પ્રકારની જીવાતને અટકાવવા માટે અને ગાયના ગૌમુત્ર, છાણના ઉપયોગથી જીવામૃત બનાવી તેનો ઉપયોગ કરવાથી ખેતી સારી અને ઉપજાઉ બનશે તેવી માહિતી આપવામાં આવી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કો–ઓર્ડિનેટર શ્રી ડો. ચંદુભાઈ ટીંબડીયાએ પાણી બચાવ, પાક ફેરબદલી, દવાનો ઉપયોગ ટાળવો, ઓર્ગેનીક દવાનો ઉપયોગ કરવો, સેફટીકીટનો ઉપયોગ કરવો, જૈવિક દવાનો ઉપયોગ વધારવો, મિત્ર કિટકોનું જતન કરવું, ગાય આધારીત ખેતી એ જ સજીવ ખેતી છે તેના પર સમજણ આપવામા આવી હતી. યુનિવર્સિટીના ચાલતા તમામ પ્રયોગોની સ્થળ મુલાકાત કરાવી સમજણ આપવામાં આવી હતી.

અમલસાડ વિભાગ વિકાસ કાર્યકરી ખેડૂત સહકારી મંડળી લી.ની મુલાકાતમાં તે મંડળીની રચના, શરૂઆત અને તેની કામગીરીનું વિવરણ પ્રેઝન્ટેશન દ્વારા સંજયભાઈએ કર્યુ હતુ ઈ. સ. ૧૯૫૫માં માત્ર ૨૮ લોકોથી સંઘની શરૂઆત થઈ. સરકાર અને ખાનગી દલાલો દ્વારા જે નુકશાન થતું તે નિવારવા પ્રથમ વખત સંઘના સભ્યો દ્વારા પોતાનું ઉત્પાદન એકઠુ કરી સીધુ જરૂરીયાતોને પહોચતું કર્યુ. કમીશન એજન્ટ કે દલાલોને ન આપતા તેના ઉત્પાદનના મુળ વેચાણ ભાવો મળી રહયા હતાં. સંજયભાઈએ વચ્ચે પશ્નોતરી કરી ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના કરવામાં સરળતા રહે તે માટે સતત આવકના સ્ત્રોત ઉભા કરવા માટે સતત કાર્યશીલ રહેવું અને એકબીજા પર વિશ્વાસ એ મહત્વનું પાસું છે. તમામ તાલીમાર્થીઓએ આ મંડળીના જુદા જુદા વિભાગોની મુલાકાત લઈ માહિતી મેળવી હતી.

પ્રસાદ બાયોટેક (વલસાડ ગુંદલાવ જીઆઈડીસી)ની પણ મુલાકાત કરી જેમા ડો. અશોક શાહ દ્વારા જૈવિક દવાઓ કેવી રીતે બનાવવી, અલગ–અલગ પાકોની માવજત અને ઉત્પાદન કેવી રીતે મેળવવુ તે બાબતે ખેડૂતોને સમજ આપી હતી. આપણી આસપાસ જે કુદરતી વનસ્પતિઓ છે તે શરીરના કોઈપણ રોગો નિવારી શકે છે. ઔષધિઓના ઉપયોગથી પાકોમાં પણ આંબાની ખેતી, કપાસ, મગફળી જેવા મુખ્ય પાકોની જૈવિક અને જરૂરીયાત પુર્તી માટે દેશી ખાતર, ગાયના ગૌ મુત્ર કે છાણના ઉપયોગથી જ વધારે ઉત્યાદન મેળવી શકાય છે. રાસાયણીક ખાતર, ઝેરી દવાઓનો ઉપયોગ ટાળવો, રાસાયણીક ખાતર, દવાઓનો ઉપયોગ જરૂર પ્રમાણે કરવો જોઈએ એવી સમજ આપવામાં આવી હતી. આમ, ખુબજ ઉપયોગી માહિતી ખેડૂતોને પ્રાપ્ત થઈ.

***જયારે તમારે કંઈ કહેવાનું ન હોય ત્યારે સ્મિત તો કરો જ.***

## મહેનત જરૂર રંગ લાવશે

અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના ભાડ ગામમાં રહેતા અનુભાઈ જેઓ ૩૭ વર્ષના છે. ૪.૨ એકર જમીન ધરાવતા અનુભાઈ ખેતી સાથે તેનો પોતાનો હેરસલૂનનો વ્યવસાય પણ કરે છે. પરિવારમા સાત સભ્યો છે અને પોતાના ચાર દિકરાઓને ભણાવે છે. ખેતી ખર્ચ વધવાને કારણે પરિવારનું ભરણ પોષણ થતું નહિ એટલે પોતે પાંચ વર્ષ માટે સુરત એક હેરસલુનની દુકાનમા કામ કરવા જતા રહયા હતા. તેના પિતાજીએ જમીન સંભાળ્યા બાદ હવે બધો જ ભાર પિતાજી પર આવતા પોતાના જ ભાઈ મનુભાઈ કે જેઓની ઉંમર ૩૫ વર્ષ છે જે પાંચ વર્ષ સુધી ખેતીકામમા મદદ કરે છે. ત્યારબાદ પિતાજીની ઉંમર થવાને કારણે અનુભાઈ ખેતી કરવા માટે ગામડે પરત આવી ખેતી કામમાં પોતે લાગી જાય છે અને ખેતીનું કામ રાબેતા મુજબ કરવા લાગે છે.

હવે તેઓ કપાસ વાવે છે અને આંતરપાકમાં મકાઈ, મગ, અડદ, તલ જેવા પાકોનું વાવેતર કરે છે. આમ ટુંકી જમીન હોવાના કારણે જો મગફળીનું વાવેતર કરે તો પાણીની સમસ્યા ઉભી થાય એટલે આ વર્ષે તેઓ ખેતી ખર્ચ ઘટાડવા અને ઉત્પાદન વધારવા માટે બીસીઆઈ (ઉતમ કપાસની પહેલ) કાર્યક્રમ સાથે જોડાયા ત્યારબાદ તેઓ નિયમિત તાલીમ અને મિટીંગમાં આવતા થયા. લોકોમાં વર્ચસ્વ હોવાના કારણે બીજા માણસોને પણ બહું જ સારી રીતે સમજાવી પણ શકે છે. આ કાર્યક્રમમાં જોડાયા બાદ પોતે નિર્ણય કર્યો કે આ વર્ષે ખેતી ખર્ચ ઘટાડવો છે અને ઉત્પાદન વધારવું છે.

અગાઉ અનુભાઈ ૧ એકરે ૫ થી ૬ થેલી યુરિયા વાપરતા હવે તે ૧ એકરે એક થી દોઢ થેલી જ યુરીયા વાપરે છે. જમીન બિનપિયત હોવાના કારણે બીજો કોઈ પાક લઈ શકતા નથી એટલે તેણે વરસાદી પાણીનો બચાવ કરવા માટે ખેતરમા તેમણે ૨૦×૨૦ની એક સરસ તલાવડી ખોદાવી છે. તેની ઉંડાઈ ૧૦ ફુટની છે. વરસાદી પાણીનો બહુ સારી રીતે બચાવ કરે છે. તે પર્યાવરણ પ્રેમી પણ છે. તેમના શેઢા પર સમડી, લીંમડો જેવા વૃક્ષો પણ વાવેલા છે. તેઓ સ્થાનિક વનૌષધીઓનું ઉંડુ જ્ઞાન ધરાવે છે.

તેમણે તેમના ખેતરમાં આ વર્ષે નીમ ઓઈલ પણ નાખેલ છે. તેનું કહેવું છે કે જંતુનાશક દવા કરતા ૭૦% નીમ ઓઈલ વાપરવુ સારૂ. તેમણે દવાના ૫ છંટકાવ કરેલ છે ૧૨ થેલી યુરિયા નાખેલ છે. આમ તેમણે અત્યાર સુધીમાં ત્રણ વિણીનો ૧૯ કિવન્ટલ કપાસ મેળવેલ છે. પહેલી વિણીનો પાંચ કિવન્ટલ કપાસ દલાલ મારફત વેંચી આપેલ છે. બાકીનો કપાસ ભાવની ઘટના કારણે વેચેલ નથી. તેનુ કહેવું છે કે, આપણી આ મહેનત એકવાર જરૂર રંગ લાવશે.

***જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી પ્રાપ્ત થાય છે.***

## મકરસંક્રાતિ

ખુશી અને સમૃદ્ધિનું પ્રતિક મકરસંક્રાતિનો તહેવાર સુર્યનારાયણનો ધનુર રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ થતો હોવાથી મનાવવામાં આવે છે. આપણા દેશમાં આ તહેવાર અલગ અલગ નામો અને પરંપરા અનુસાર મનાવવામાં આવે છે. ઉતર ભારતમાં મકરસંક્રાતિ, પંજાબ હરિયાણામાં લોહડી, આસામમાં બિહુ અને દક્ષિણ ભારતમાં પોગલના નામે મનાવવામાં આવે છે. હિન્દુ ધર્મ અનુસાર મકરસંક્રાતિના દિવસથી દેવતાઓના દિવસોની શરૂઆત થાય છે તે અષાઢ માસ સુધી રહે છે.

દર વર્ષે આ તહેવાર ૧૪મી જાન્યુઆરીએ મનાવવામાં આવે છે. પરંતુ આ વર્ષ ૨૦૧૬માં ૧૪મી જાન્યુઆરીએ સાંજે ૭:૨૮ વાગે સુર્યનારાયણનો મકર રાશીમાં પ્રવેશ થતો હોવાથી મકરસંક્રાતિ ૧૫મી જાન્યુઆરીએ મનાવામા આવશે. આ દિવસે વહેલા ઉઠી કોઈ નદી કે તળાવમાં સ્નાન કરવાનું મહત્વ હોય છે અથવા તો ન્હાવાના પાણીમાં તલ નાખી ન્હાવાનુ પણ વિશેષ મહત્વ છે. મકરસંક્રાતિના દિવસે શાસ્ત્રો પ્રમાણે શુભ કાર્ય કરવાનો પ્રારંભ કરવાનો હોય છે પણ લોકો તે દિવસને પણ કમૂર્તા (અશુભ)નો દિવસ ગણી સારા કાર્યની શરૂઆત કરતા નથી.

મકરસંક્રાતિના દિવસે દાન કરવાનું પણ વિશેષ મહત્વ છે. શાસ્ત્રો પ્રમાણે આ દિવસે દાન કરવાથી તેનું સો ગણું પૂન્ય મળે છે પરંપરા અનુસાર મોટા ભાગે ગરમ વસ્ત્રો, ઘી, દાળ, ચોખા અને તલનું દાન કરવામાં આવે છે. આ દિવસે ગરીબો અને બ્રાહ્મણોને ભોજન કરાવવાથી અન્ન અને ધન કયારેય ઘરમાં ખૂટતું નથી તેવું માનવામાં આવે છે.

પતંગ ...માર માટે ઊર્ધ્વગતિનો ઓચ્છવ
મારૂં સૂર્ય તરફનું પ્રયાણ.......
પતંગ...મારો ભવભવનો વૈભવ
મારી જ દોર મારા હાથમાં.....

**સાવધાન**

૧. *અમુલ્ય એવું આ શરીર મુખ્યુ છે, તો એને માત્ર વ્યસનમાં બરબાદ ન કરો ભવિષ્યનો વિચાર કરી વ્યસનથી મુકત બનો અને હંમેશા તંદુરસ્ત જીવન જીવો....ધન્યવાદ !*
૨. *આપતિ–વિપતિ, ભય, દુ:ખ અને રોગનું કારણ મિત્રો જાણો છો? તે છે વ્યસન, માટે અનો હંમેશા ત્યાગ કરી શ્રેષ્ઠ જીવન જીવવાની સાચી મજા માણો...ધન્યવાદ!*
૩. *વ્યસન પાછળ માણસ કેટલો ખર્ચ કરે છે તે તમો મિત્રો જાણો છો? હિસાબ કરો, મિત્રો! મહેનતની કમાણીનો, વ્યસન પાછળ દુરઉપયોગ ન કરો અને તમારા જીવનની સફર સાર્થક બનાવો...ધન્યવાદ!*
૪. *મિત્રો વ્યસનથી દુ:ખ જ છે, માટે એનો હંમેશા ત્યાગ કરીને આપણી ભવિષ્યની પેઢી ને પણ બચાવીએ તે કેવુ સારુ...ધન્યવાદ!*

***– હંસરાજ પેથાણી (ત્રંબોડા)***

***તમારી વર્તણુક તમારાં સંસ્કારનું પ્રતિક છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Gordhan Vaghela | 20-01-1983 |
| Ashwin Singad | 30.01.1993 |
| Deepa chauhan | 02.01.1977 |
| Rekhaben Mithapara | 05.01.1963 |

***In this month***

*1 Child Labor Training*
*2 Leprosy Colony Visit - Bhavnagar*
*3 Leprosy Colony Visit - Junagadh*
*5-7 Concurrent Monitoring both PU*
*8 Meeting with BCI country manager*
*8 FPO formation review Meeting at Nabard Ahmadabad.*
*8-10 Sasakawa partners Meet-Delhi.*
*14 State Level Convention of SMC-*
*15 Health camp at Umej*
*15-16 Internal Audits by CSPC*
*17-19 Exposer visit for FPO at KVK Navsari, Amalsad and Valsad*
*24 VV and FF training on FPO formation*
*29 LG leader training at Timbi*
*29 Organic farming workshop (NEAC)*
*29 Guide star India workshop*

**રમુજ એક થેરપી**

પત્ની : મારૂ લગ્ન કોઈ રાક્ષસ સાથે થયા હોત તો પણ હું આટલી બધી હેરાન ન થાત.

પતિ : અરે, ગાંડી પણ બ્લડ રિલેશનમાં લગ્ન ના થાય.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સંજોગો તમારૂ સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.**